activities by the Gujarat Building & Other Construction Workers Welfare Board and the opening of the accounting head/sub head in File No. CWA-2004-1831-M/3 on 1st December, 2005 (copy of Resolution dated 9-12-2005 is enclosed).

All Government Departments Public Sectors under takings and local authorities are instructed to pay the above cess as per the ac. All Departments, Public Sectors Under takings and local authorities are also advised to incorporate the 1% Cess in their for estimates all new works.

By order and in the name of Governor of Gujarat.

Sd/- (Vinod Babbar)
Principal Secretary to Government
Labour & Employment Department

Secretary to the Governor, Rajbhavan, Gandhinagar.

Principal Secretary to Chief Minister, Sachivalaya, Gandhinagar.

P.S. to All Ministers.

P.S. to Ministers of State.

P.S. to Chief Secretary.

Accountant General, Rajkot // Ahmedabad.

All Department of Sachivalaya, with a request to circulate to all H.O.Ds // Boards Corporations under their administrative control.

Pay & Accounts Office, Ahmedabad//Gandhinagar.

Resident Audit Office, Ahmedabad//Gandhinagar.

All Head of Departments under Labour & Employment Department.

All District Panchayats.

All Municipal Corporations.

Branch Select File

Deputy S.O. Select File.

<u>જરૂરી // સમય મર્યાદા</u>

ક્રમાંક– સીડબલ્યુએ/ ૨૦૦૪ / ૮૪૧/ મ(૩)
શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
**તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૦૫.**

પ્રતિ,
નાયબ શ્રમ આયુકતશ્રી,
અમદાવાદ/ વડોદરા/ સુરત/ રાજકોટ રીજીયન

સંયુકત નિયામકશ્રી,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
અમદાવાદ/ વડોદરા/ સુરત/ રાજકોટ રીજીયન

**વિષય :– ધી બીલ્ડીગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર શેષ એકટ, ૧૯૯૬ હેઠળ કામગીરી કરવા બાબત..**

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, ધી બીલ્ડીગએન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર શેષ એકટ, ૧૯૯૬ હેઠળ તા.૧૮/૧૨/૨૦૦૪ થી ધી બાંધકામ વ્યવસાયમાં સંકળાયેલા દરેક સંસ્થાઓ, કોન્ટ્રાકટર, સરકારી સંસ્થા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પાસેથી બાંધકામની કિંમતનાં ૧ ટકા લેખે શેષ ઉઘરાવવાનો રહે છે. પ્રસ્તુત શેષ રકમ ઉઘરાવવા માટે સરકારશ્રીનાં તા.૦૩/૦૧/૨૦૦૫ નાં જાહેરનામા ક્રમાંક– જીએચઆર/૨૦૦૫/૦૪/સીડબલ્યુએ/ ૨૦૦૪/ ૮૪૧/ મ(૩), થી સર્વે સંબંધિતોની શેષ કલેકટર અને એસેસીગ ઓફીસર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. અને આવી વસુલ કરેલ રકમ કયા સદર હેઠળ જમા કરાવવાની રહે છે તે અંગેનો ઠરાવ તારીખ– ૦૯/૧૨/૨૦૦૫ નાં રોજ બહાર પાડેલ છે, જેની નકલ પણ આ સાથે સામેલ છે.

હવે સદર બાબતે આપના કાર્યક્ષેત્રમા આવતાં સંબંધિત શેષ કલેકટરશ્રી તથા એસેસીગ ઓફીસર સાથે રહી તેઓશ્રીનો રૂબરૂ સંપર્ક કરી, તેઓને આ કાયદાથી મળેલ સત્તાઓ અન્વયે માહિતગાર કરવા તથા આ શેષ ઉઘરાવવાની કામગીરી સઘન બનાવવા આથી આપને સુચના આપવામાં આવે છે. આ અંગે ચાલુ નાણાંકીય વર્ષનાં બાકી રહેલ ત્રણ મહિનામાં આપના કાર્યક્ષેત્રમાં આવતાં આ વ્યવસાય સાથે સંકળાયેલ દરેક સંસ્થા, કોન્ટ્રાકટર, સરકારી સંસ્થા કે સ્થાનિક સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા રૂા.૧૦ કરોડની શેષ પેટે વસુલાત થાય તે પ્રમાણેનાં સઘન પ્રયત્નો કરવાનાં રહેશે. આવી વસુલાત લક્ષ્યાંક પ્રમાણે કરનાર અધિકારીઓનાં ખાનગી અહેવાલમાં તેની નોંધ લેવામાં આવશે અને લક્ષ્યાંક પ્રાપ્ત નહી કરનાર અધિકારીઓનાં ખાનગી અહેવાલમાં તે પ્રમાણેની નોંધ લેવામાં આવશે. જેથી ઉકત સંબંધિત અધિકારીઓએ ધ્યાનમાં લઈ સરકારશ્રીએ નકકી કરેલ લક્ષ્યાંકો પાર પાડવા માટે સમય મર્યાદામાં આ કામગીરી કરવાની રહેશે.

આ બાબતથી સંબંધિત શેષ કલેક્ટર અને એસેસીગ ઓફીસરોને વાકેફ કરવા અને આ લક્ષ્યાંકો પાર પાડવા માટે જરૂરી માર્ગદર્શન માટે આ સાથે ઉક્ત એક્ટની નકલ પણ મોકલવામાં આવે છે.

બિડાણઃ—

આપનો વિશ્વાસુ,
સહી/— (વી. કે. બબ્બર)
અગ્ર સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

<u>નકલ રવાના :—</u>

(૧) શ્રમ આયુકતશ્રી, ગુ.રા.
ઓ—૩, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, મેઘાણીનગર, અમદાવાદ—૩૮૦૦૧૬

(૨) નિયામકશ્રી,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય,
ઓ—૯, ન્યુ મેન્ટલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, મેઘાણીનગર, અમદાવાદ—૩૮૦૦૧૬
વિભાગ તરફથી સોંપેલ ઉક્ત કામગીરી માટે અન્ય ક્ષેત્રિય અધિકારીઓ પણ મદદરૂપ થાય તે પ્રમાણેની સુચનાઓ જારી કરવા સારૂં. આ કામગીરીની સમીક્ષા કરીને તેનો પખવાડિકઅહેવાલ અચુક મને નામજોગ રજુ કરવો અને ક્ષેત્રિય અધિકારીઓની કામગીરીનું મુલ્યાંકન કરીને, તેઓનાં ખાનગી અહેવાલમાં જરૂરી નોંધ લેવા સારૂં.

(૩) રીજીયોનલ લેબર કમિશ્નરશ્રી, ભારત સરકાર, અમદાવાદ.

(૪) સભ્ય સચિવ અને વેલ્ફેર કમિશ્નરશ્રી, ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ.

(૫) સીલેક્ટ ફાઈલ.

(૬) નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઈલ.

48

**ઈ–ટેન્ડરીંગમાં ટેન્ડર ફી અને ડોકયુમેન્ટસ રજુ કરવા અંગે.**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૦૮–૫–સ (પાર્ટ ફાઈલ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૭/૧૧/૨૦૦૮

વંચાણે લીધે :– તા. ૧૮/૦૧/૦૮ નો પરિપત્ર ક્રમાંક : પરચ–૧૦૨૦૦૮–૫–સ,

પરિપત્ર :–

માર્ગ અને મકાન વિભાગમાં હાલમાં ટેન્ડરો ઈ–ટેન્ડર પધ્ધતિથી સ્વીકારવામાં આવે છે. તે અન્વયે સમાન ક્રમાંકના તા. ૧૮/૦૧/૦૮ ના પરિપત્રમાં ટેન્ડર ફી અને બાનાની રકમ જે તે કાર્યપાલક ઈજનેરને ખરેખર ચુકવવા માટે દિન–૭ માં અસલમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી મોકલવાની તેમજ અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ નહિ મોકલનાર સામે શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈ હતી.

ઉપરોક્ત પરિપત્રમાં નીચે મુજબ અંશતઃ સુધારો કરી આ શરતનો સમાવેશ ટેન્ડર નોટીસ / ટેન્ડરના મુસદામાં Through R.P.A.D. so as reach to E.E. Division - within 7 days from the last date of uploading ને બદલે "to S.E. at the time of tender opening or send the same through R.P.A.D. so as to reach to E.E. Division - Within 7 days from the last date of opening" સુધારો કરવામાં આવે છે. તેમજ ખરેખ ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઈજારદાર ન ભરે તો ઈજારદારની નોંધણી એક વર્ષ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઈ–ટેન્ડરીંગનો કોડ એક વર્ષ માટે રદ કરાશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, રાજયવિભાગ / પંચાયત મા.મ. વર્તુળ / ને. હા. વર્તુળ / પા.યો. વર્તુળ / રા.મા.યો. વર્તુળ ગાંધીનગર સહિત.
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વર્તુળ / પંચાયત માર્ગ અને મકાન વર્તુળ / ને. હા. વર્તુળ / પા.યો. માર્ગ અને મકાન વર્તુળ .
- સર્વે શાખાઓ / મા.મ.વિ. / સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઈલ.

**Modification in Defect Liability Clause-17A of tenders for building works**

**Government of Gujarat**
**Roads & Buildings Department**
**Circular No. : PRCII / 102008 / (2076) / N**
**Date : 3/12/2009**

**Circular :-**

It was in consideration of Government to modify defect liability period clause-17A for building works. After careful consideration, the clause is modified as follows.

**" Clause 17A : Defect liability period for Building Works :**

The contractor shall be responsible to make good and remedy at his own expenses any defect which may develop or may be noticed or noticing such items which are not up to the quality standards stipulated in tender documents before the period mentioned hereunder. The contractor shall be responsible to repair / reconstruct such items at his own expense so as to maintain quality as prescribed in tender specifications for the entire period as hereunder. The Engineer-in-charge shall give the contractor a notice in writing about the defect / discrepancy and the contractor shall make good the same within 15 days of receipt of the notice. In the case of failure on the part of the contractor, the Engineer-in –charge may rectify or remove or re-execute the work at the risk & cost of the contractor. The Engineer-in-charge shall be entitled to appropriate the whole or any part of the amount of security deposit towards the expenses, if any, incurred by him in rectification, removal or re-execution.

**The Defects Liability period shall be as under for original building works :**

- Three years or elapse of three monsoon periods following date of possession of building taken over by user agency OR Four years or elapse of four monsoon periods following the certified date of completion, whichever is earlier.

**The Defects Liability period shall be as under for building works of repairing - renovation :**

- For building work costing Rs. 50,000 or less, three months following the certified date of completion,
- For building works costing more than Rs. 50,000 and up to Rs. 100 Lacs, One year OR elapse of one monsoon period following the certified date of completion, whichever is later.
- For building work costing Rs. 100 Lacs or more, three years OR elapse of three monsoon periods following the certified date of completion, whichever is later.

For the purpose of deciding the monsoon period, 30th September may be treated as the last date.

It is instructed to incorporate this clause in tender documents of all building works and to observe that the condition is fully implemented.

**(R. K. Chauhan)**
**Officer on Special Duty (SP)**

To,
All, Superintending Engineers, State, Ahmedabad City, Capital, Project and Panchayat Circles, R & B Department.
All, Executive Engineers under above circles.
Copy to;

1. P.A. to Secretary, R & B Department
2. All Chief Engineers and A. S.
3. Dy. S. O. Select file
4. Branch select file.

**બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ સરકાર માન્ટ લેબોરેટરી / ગેરી દ્વારા તથા ૧૦% ગેરી લેબોરેટરીમાં કરવા બાબત**

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક : પરચ / ૧૦૨૦૦૭ / ૨૮ / સ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૩૧/૧૨/૨૦૦૯**

**<u>પરિપત્ર :--</u>**

બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ હાલ ગેરી કે સરકાર માન્ય સંસ્થા (લેબોરેટરી) મારફતે કરવામાં આવે છે, કામોની પ્રગતિની સમીક્ષા દરમ્યાન ક્ષેત્રીય અધિકારીઓ તરફથી જાણવા મળેલ છે કે ઉકત હયાત પ્રક્રિયામાં ટેસ્ટીંગના પરિણામો વિલંબથી મળે છે, જેમાં સમય પણ ખૂબ વ્યતિત થાય છે. ઈજારદાર એસોસીએશન તરફથી આવી રજૂઆતો મળી છે, આથી આ મુશ્કેલી ધ્યાને લેતાં ઈજારદારશ્રી દ્વારા જે તે કામ માટે સ્થાપવામાં આવતી લેબોરેટરીમાં સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવે તો વિલંબ નિવારી શકાય તે બાબત વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની નીતિ હાલના તબકકે અનુસરવા નકકી કરવામાં આવ્યું છે.

નીચે જણાવેલ પરીક્ષણોમાં પ્રવર્તમાન પધ્ધતિમાં ફેરફાર કરી ફ્રીકવન્શી અનુસાર જરૂરી પરિક્ષણો પૈકી ૧૦% સરકાર માન્ય લેબોરેટરી / ગેરી તથા ૧૦% ગેરી લેબોરેટરી અને ૮૦% ફીલ્ડ લેબોરેટરી દ્વારા કરાવવાના રહેશે. પરંતુ ગેરીમાં નીચેના દરેક પૈકી ઓછામાં ઓછું ૧ (એક) પરીક્ષણ ગેરી લેબોરટરીમાં કરવાનું રહેશે તથા ઓછામાં ઓછું એક પરીક્ષણ ગેરી / સરકાર માન્ય લેબોરટરીમાં કરાવવાનો રહેશે. જેમાં નીચે દર્શાવેલ પરીક્ષણો સ્થળ પર કરવાના રહે છે.

| | | |
|---|---|---|
| એ | એગ્રીગેટ | (૧) ગ્રેડેશન (૨) ફ્લેકીનેશ અને ઈલોંગેશન વેલ્યુ<br>(૩) ઈમ્પેકટ વેલ્યુ (૪) વોટર એબસોર્પશન |
| બી | માટી | (૧) ફીલ્ડ એફડીડી અને એફએમસી (૨) સીવ એનાલીસીસ |
| સી | રેતી | (૧) ગ્રેડેશન |
| ડી | ઈંટો | (૧) ડાયમેનશન અને ટોલરન્સ ટેસ્ટ (૨) વોટર એબસોર્પશન |
| ઈ | કોંક્રીટ | (૧) નોન ડીસ્ટ્રક્ટીવ ટેસ્ટ (અલ્ટ્રા સોનીક ટેસ્ટીંગ પધ્ધતિથી)<br>(૨) સ્લમ્પ ટેસ્ટ (૩) કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ |
| એફ | બીટુમીનસ મીકસ | (૧) ડામરની ટકાવારી |
| જી | ડ્રાય મીક્ષ મટરીયલ | (૧) ગ્રેડેશન |

**શરતો :–**

૧. ઈજારદારે કામની ગુણવત્તા માટે ધારા ધોરણ પ્રમાણેની અને ઉપર જણાવેલ પરિક્ષણો માટે પ્રમાણિત થયેલ જરૂરી તમામ સાધનો સહિતની ફીલ્ડ ટેસ્ટીંગ લેબોરેટરી સ્વ ખર્ચે કામના સ્થળે યોગ્ય જગ્યા ઉપર સ્થાપવાની રહેશે. રસ્તાના કામ માટે લાગુ પડતા પ્લાન્ટના સ્થળને કામનું સ્થળ ગણી શકાય. પરંતુ કામનું સ્થળ લેબોરેટરીથી દુર હોય તો ઈજારદારશ્રી દ્વારા મોબાઈલ લેબોરેટરીની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.

૨. કા.ઈ.શ્રી જયારે સ્થળ પર તેઓનું ચેકીંગ કરવા જાય ત્યારે ટેસ્ટીંગ તેઓએ તેમની રૂબરૂમાં પણ કરવાનું રહેશે.

૩. ધારા ધોરણ પ્રમાણેના પરીક્ષણોની સંખ્યા પૈકી ૮૦% પરીક્ષણ ફીલ્ડ લેબોરેટરીમાં ઈજારદારના અધિકૃત કવોલીફાઈડ ઈજનેર કે જેઓને સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ I-CARD આપેલ હોય તેમના દ્વારા ખાતાના ના.કા.ઈ. / મ.ઈ. /

અ.મ.ઈ. ની હાજરીમાં જ કરવાના રહેશે અને પરિણામોમાં સંયુકત સહીઓ કરવાની રહેશે જયારે ૧૦% પરીક્ષણ ગેરી / સરકાર માન્ય લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) અને ૧૦% ગેરી લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) મારફતે કરાવવાના રહેશે.

૪. કુલ પરીક્ષણોના ૮૦% પરીક્ષણ એક જ સ્થળે સમયે એકજ તબકકામાં નહી કરતાં કામની પ્રગીત મુજબ જે તબકકાએ જે તે કામગીરીને અનુરૂપ જે મટીરીયલ્સ વાપરવાનું થતું હોય તદઅનુસાર શરૂઆતના તબકકામાં રાખવું વચ્ચેના તબકકામાં તેમજ આખરી તબકકામાં કરાવવાનું રહેશે. આમ છતાં આ બાબતે સ્થાનિક કક્ષાએથી ના.કા.ઈ.શ્રીએ જરૂરીયાત મુજબ તબકકાવાર પરીક્ષણો નકકી કરવાના રહેશે.

૫. ગુણવત્તા નિયમન ધારા–ધોરણ પ્રમાણેના બધા જ રજીસ્ટર નિયમિત રીતે નિભાવવાના રહેશે, અને તે જે સ્થળે લેબોરેટરીમાં ઉપલબ્ધ રહે તેમ રાખવાના રહેશે.

૬. જો કોઈ કારણસર ટેસ્ટીંગના સાધન અપ્રાપ્ય હોય અથવા વસાવવામાં સમય જાય તેમ હોય કે વ્યવહારૂ ન હોય (જેમ કે ઈલેકટ્રોમેટીક બેરીંગ) તો આવા પરીક્ષણો ગેરી / સરકાર માન્ય સંસ્થાઓમાં કરાવી શકાશે. અને આ બાબતનો નિર્ણય સંબંધિત કા.ઈ.શ્રી / ના.કા.ઈ.શ્રીએ કરવાનો રહેશે. ગેરીમાં ન થઈ શકે તેવા ટેસ્ટ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવી શકાય.

૭. વિભાગના ક્ષેત્રિય તાંત્રિક સ્ટાફે ના.કા.ઈ. / મ.ઈ. / અ.મ.ઈ. એ તેમજ ઈજારદારના તાંત્રિક સ્ટાફ દ્વારા ગેરીમાં પરીક્ષણ જાતે કરવાનો સંતોષકારક અનુભવ મેળવી આ બાબતનું ગેરીનું પ્રમાણપત્ર પણ મેળવવાનું રહેશે. જે તે જિલ્લા / પ્રાદેશિક સ્તરે ગેરીની લેબોરેટરીમાં કોર્ષ કન્ડકટ કરવા માટે જરૂરી ફી જે તે વિભાગના કા.ઈ.શ્રીએ ચુકવવાની રહેશે અને આ કાર્યવાહી સમયબધ્ધ પૂર્ણ થાય તે માટે સંબંધિત અ.ઈ.શ્રીએ આ કામગીરીની વખતોવખત સમીક્ષા કરવાની રહેશે.

૮. આ પરિપત્રથી ઉપર જણાવેલા પરીક્ષણો પૈકી ૮૦% પરીક્ષણો ક્ષેત્રિય લેબોરેટરીમાં કરવાનો સમય તા. ૧/૦૧/૨૦૧૦ થી કરવાનો રહેશે.

૯. ગેરીમાં ટેસ્ટીંગ કરાવતાં સમયે ગેરીનો ટેસ્ટીંગ ચાર્જ ત્વરીત ભરવાનો રહેશે. જેથી પરીક્ષણના પરીણામો સમયસર મેળવી શકાય.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.
૨. મુ.ઈ.શ્રી (મા.મ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. મુ.ઈ.શ્રી (પંચા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. મુ.ઈ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. મુ.ઈ.શ્રી (પા.યો.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુ.ઈ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૮. મુ.ઈ.શ્રી (પીએનપી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. નાણાં સલાહકારશ્રી, (મા.મ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સર્વે અ.ઈ.શ્રીઓ, મા.મ. વર્તુળ, પેટા / મા.મ. વર્તુળ / ને.હા. વર્તુળ / એક્ષપ્રેસ–વે વર્તુળ /પાટનગર યોજના વર્તુળ.
૧૧. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપર્યુકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.
૧૨. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત).
૧૩. સર્વે પ્રોજેકટ શાખાઓ (રસ્તાને લગતી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સિલેકટ ફાઈલ.

રસ્તા, પુલો તથા મકાનો બાંધકામની
વિગતો તથા સ્પેસીફીકેશન અંગેના બોર્ડ
કામના સ્થળ ઉપર મુકવા બાબત
જાહેર હિસાબ સમિતિની ભલામણ

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : ટીએનસી-૧૦૯૦-૨૪-સ-પાર્ટ ફાઈલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૫/૦૩/૨૦૧૧

સંદર્ભ :-૧. જા.બાં.વિ. નો પરિપત્ર ક્રમાંક : બીડીક્યુ-૩૨૭૭-(૧૯૫)-ન, તા.૨૬-૦૪-૧૯૭૮.
૨. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી-૧૦૯૦-૨૪-સ, તા.૨૭-૧૧-૯૦.
૩. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી-૧૦૯૦-૨૪-સ, તા.૧૮-૧૧-૯૧.
૪. મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક : ટીએનસી-૧૦૯૦-૨૪-સ, તા.૨૨-૦૭-૯૮.
૫. મુખ્ય ઈજનેરશ્રી(ગુ.ની.) અને અધિકસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક ગુની/જન/૪૮૪/૧૦, તા.૨૮-૧૦-૨૦૧૦.
૬. જાહેર હિસાબ સમિતીની તા. ૦૪-૦૧-૨૦૧૧ ની બેઠક.

પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવો/પરિપત્રથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતુ બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચે મુકવાની સુચના આપવામાં આવેલ છે. તા.૧૮-૧૧-૯૧ ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવ કરાવામાં આવેલ છે.

૨. તા.૦૪-૦૧-૨૦૧૧ ના રોજ યોજાયેલ જાહેર હિસાબ સમિતીની બેઠકમાં સુચવ્યા પ્રમાણે તેમજ સંદર્ભીત-૫ ના પત્રથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલ નીચે મુજબની ભલામણોનો પણ ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જાહેર બાંધકામો (ખાસ કરીને રૂ.પાંચ લાખથી વધુ કિંમત) ના કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતા બોર્ડ મુકવા જરૂરી છે.

(૨) આવા બોર્ડ ઈજારદારશ્રીના ખર્ચે લગાવવાની જોગવાઈ ટેન્ડરમાં રાખવામાં આવે.

(૩) આ બોર્ડમાં કામને સંબંધિત કાર્યપાલક ઈજનેરનું સરનામુ, ફોન નંબર, ફેક્સ નંબર અને કામ શરૂ થવાની તારીખ, કામ પુર્ણ થવાની તારીખ, ઈજારદારશ્રીનું નામ, તકલીફ હોયતો કોને મળવું તેની વિગતો સહિત તમામ વિગતોનો સમાવેશ કરવો.

(૪) ઈજારદારશ્રી નિયત સ્થળે બોર્ડ લગાવીને ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કાર્યપાલ ઈજનેરશ્રીની જાણ હેઠળ ન કરે ત્યાં સુધી હંગામી ધોરણે અમુક રકમ (૦.૨૫ થી ૧% જેટલી) રોકી રાખવાની કરારમાં જોગવાઈ કરવી.

(૫) મકાન જેવા સીમીત ક્ષેત્રફળ માટે એક બોર્ડ મુકવું જરૂરી છે, જ્યારે રસ્તા, પુલો, પાણીની પાઈપલાઈન, ગટર લાઈન, કેનાલ વિગેરે કામોમાં લંબાઈનો વ્યાપ વધુ હોય ત્યારે આવા કામોમાં એક કરતાં વધુ બોર્ડ (જનતાની અવરજવર વધુ હોય ત્યાં તેમજ બંને છેડા પર અને વચ્ચે) ટ્રાફીક સલામતીને ધ્યાને રાખી, બોર્ડ મુકવાની જોગવાઈ કરારમાં કરવી.

(૬) જાહેર બાંધકામ હાથ ધરતી તમામ સંસ્થાઓ ઉપરોકત ભલામણોની અમલ કરે.

કાર્યપાલક ઈજનેરશ્રીએ કાળજી રાખવાની રહેશે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ/ પંચાયત મા.મ. વર્તુળ/ નેશનલ હાઈવે વર્તુળ/ એક્સપ્રેસ વે વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ અને વિદ્યુત (મા.મ.) વર્તુળ.
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો
સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત), મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે બોર્ડ / નિગમો,
સિલેકટ ફાઈલ–૨૦૧૧.

## Modification in Defect Liability Clause 17-A of Tenders for Building Works

Government of Gujarat
Roads & Buildings Department
Circular No. PRCH-102013-2076/2759/N
Sachivalaya, Gandhinagar
Date : 27-05-2013

**Ref : Circular No. PRCH-102008-(2076)-N, Dt. 03-12-2009**

R&B Department had issued a circular as referred above where in following provision has been made for building works.

Three years of elapse of three monsoon periods following date of possession of building taken over by user agency OR four years of elapse of four monsoon periods following the certified date of completion, Whichever is earlier.

After due considerations on the representations received at various levels from the Gujarat Contractor Associations the above clause is now modified as under.

**The defect liability period shall be as under for original building works:**

"One year or elapse of one monsoon period from the certified date of completion whichever is greater"

The other conditions in the above said circular will remain as it is.

(R. K. Chauhan)
Officer on Special Duty (S.P.)
Road & Building Department

To,
All, Superintending Engineers, State, Ahmedabad city, Capital, Project and Panchayat Circles R&B Department.
All, Executive Engineers under above circles.
Copy to :

1. PA to Principal Secretary (R&B), Sachivalaya, Gandhinagar.
2. All Chief Engineers & Additional Secretaries (R&B), Sachivalaya, Gandhinagar
3. Select File

પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરેન્ટી મેળવવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩(ભાગ-૧)-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯-૧૧-૨૦૧૩

વંચાણે લીધો પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦૯૧/આઈબી/(૧૦)/(૧૧)/સ તા.૩૧-૩-૧૯૯૯

**આમુખ:-**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમા ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામો માં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખ થી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમ ની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામા આવેલ છે. આથી વહિવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમાં ફેરફાર કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતુ.

**પરિપત્ર:-**

પુખ્ત વિચારણાને અંતે નક્કી થયેલ છે કે હવે રૂ.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂ.૩૦ લાખ કે તેથી વધુ રકમ ના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૨૨-૯-૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(રે.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (x સિવાય)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ.

સર્વે ક્ષ.ઈ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ.

સર્વે અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સીલેકટ ફાઈલ૦૨-૧૩

---

x આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગ હેઠળના સ્થાનીક અધિકારીશ્રીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી.

બાંધકામના કોન્ટ્રાક્ટર પાસેથી સીક્યુરીટી ડીપોઝીટ સ્વિકારવાની પ્રથામાં આંશિક ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએનસી-૧૦-૨૦૧૩-૩-(ભાગ-૨)-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૧-૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંક:- ટીએનસી-૧૦૮૮/આઈબી/૧૮/(૧૩)/સ તા.૩૧-૮-૧૯૯૪

**આમુખ:-**

કોન્ટ્રાક્ટરોને આપવામાં આવતા કામો માં સીક્યુરીટી ડીપોઝીટ અંગેની હાલની પધ્ધતિ પ્રમાણે એગ્રીમેન્ટ સામેથી ૫% પરફોર્મન્સ બોન્ડ બેંક ગેરંટી સ્વરૂપે, ૨.૫% સીક્યુરીટી ડીપોઝીટ નર્મદા બોન્ડ અથવા એન.એસ.એસ. સ્વરૂપે લેવામાં આવે છે તેમજ ૨.૫% રકમ ઈજારદારશ્રીના રનીંગ બીલમાંથી કપાત સ્વરૂપે વસુલ કરવામાં આવે છે. કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન દ્વારા નાણાંકિય તરલતા રહે તે માટે ૨.૫% લેખે કાપવામાં આવતી સીક્યુરીટી ડીપોઝીટની રકમ બેંક ગેરંટી સામે છુટી કરવાની રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે સરકારી કામોના કોન્ટ્રાક્ટ માટે સીક્યોરીટી ડીપોઝીટ સ્વિકારવાની હાલની પ્રથામાં નીચે મુજબ નો ફેરફાર કરવામાં આવે છે.

૧. હાલમાં પ્રથમ તબક્કે લેવામાં આવતી ૨.૫% સીક્યોરીટીની રકમ જે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. સ્વરૂપે લેવાની જોગવાઈ છે. તે હવે નર્મદા બોન્ડ/ એન.એસ.એસ. તેમજ શીડ્યુલ્ડ બેંકની એફ.ડી.આર. સ્વરૂપે પણ લઈ શકાશે.
૨. રનીંગ બીલમાંથી કપાત થતી ૨.૫% સિક્યુરીટી ડીપોઝીટની રકમ ઈજારદારશ્રી દ્વારા શીડ્યુલ્ડ બેંકની બેંક ગેરંટી રજુ કર્યેથી નીચે જણાવ્યા મુજબ રીલીઝ કરવાની રહેશે.

| ક્રમ | નાણાકીય પ્રગતિ | રનીંગ બીલમાંથી ૨.૫% લેખે સીક્યુરીટી ડીપોઝીટ પેટે કાપવામાં આવેલ રકમ માંથી છુટી કરવા પાત્ર રકમ | બેંક ગેરંટીની રકમ |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરની રકમના ૨૫% | રનીંગ બીલમાંથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૦.૬૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૨ | ટેન્ડરની રકમના ૫૦% | રનીંગ બીલમાંથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૨૫%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |
| ૩ | ટેન્ડરની રકમના ૭૫% | રનીંગ બીલમાંથી કાપવામાં આવેલ રકમ અથવા કામની અંદાજીત કિંમતના ૧.૮૮%, બેમાંથી જે ઓછી રકમ હોય તે | રીલીઝ કરવામાં આવેલ રકમ જેટલી |

ઉપરોક્ત બેંક ગેરંટીની મુદત કામ પુર્ણ થવાની ખરેખર તારીખથી છ(૬)-માસ વધુ સમયની લેવાની રહેશે તથા ઈજારદારશ્રી પાસેથી બાંહેધરીપત્ર મેળવવાનો રહેશે કે- જો કામ પુર્ણ કરવાની સમયમર્યાદામાં વધારો થશે તો વધારેલ સમયમર્યાદાની તારીખથી ૬ માસ વધુ સમયમર્યાદા વાળી બેંક ગેરંટી તેઓશ્રી દ્વારા પુરી પાડવામાં આવશે.

કામ પુર્ણ થાય ત્યાં સુધી ઈજારદારશ્રી પાસેથી લેવાની થતી ૧૦% સીક્યોરીટી ડીપોઝીટનું પ્રમાણ કોઈપણ સ્વરૂપે જળવાઈ રહે તેની અચુક કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાણાંવિભાગની તા.૪-૧૦-૧૩ ના રોજની મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન.રાજ્ય.મંત્રીશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

x નર્મદા અને જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

x બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (x સિવાય)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ

સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

સર્વે અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સીલેક્ટ ફાઈલ૦૨-૧૩

---

x આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગ હેઠળના સ્થાનીક અધિકારીશ્રીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી.

શ્રી મેઈન્ટેનન્સ ગેરંટી પીરિયડ (ફક્ત રસ્તાના કામ માટે)
અંગેના ટેન્ડર ક્લોઝ નં ૧૭(બી) ના પેટા ક્લોઝ નં
૧૭(બી) (૩) માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ [illegible]
ક્રમાંક: [illegible]
સચિવાલય, ગાંધીનગર
[illegible]
તા. ૧૩-૧૨-૨૦૧૩
[illegible]

**આમુખ:**

[illegible]

શ્રી મેઈન્ટેનન્સ ગેરંટી પીરિયડ (ફક્ત રસ્તાના કામ માટે) અંગેના પ્રવર્તમાન ટેન્ડર ક્લોઝ નં ૧૭(બી) ના પેટા ક્લોઝ નં ૧૭(બી) (૩) માં સુધારો કરવા અંગે, કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન તરફથી મળેલ રજુઆત વિચારણા હેઠળ હતી. કોન્ટ્રાક્ટર્સ એસોસીએશને રજુઆત કરેલ કે ભારત સરકાર, વિશ્વ બેંક અને એશીયન ડેવલોપમેન્ટ બેંક સહાયિત યોજનાઓના કામોના સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટમાં પણ રસ્તાના કામોના શ્રી મેઈન્ટેનન્સ ગેરંટી પીરિયડ દરમ્યાન હાલના ક્લોઝ ૧૭(બી) ની જોગવાઈ મુજબ [illegible] રોકી રાખવાની જોગવાઈ નથી.

[illegible]

હાલમાં ટેન્ડરમાં શ્રી મેઈન્ટેનન્સ ગેરંટી પીરિયડ અંગેના પ્રવર્તમાન ટેન્ડર ક્લોઝ નં ૧૭(બી) ના પેટા ક્લોઝ નં ૧૭(બી) (૩) નીચે મુજબ છે.

"10% of the amount eligible for the payment of bituminous items shall be withheld till the miscellaneous items like earthwork in embankment / cutting for side shoulders, side gutters, kilometre / indicator /guard stones, sign boards etc. are completed in all respect by the contractor. After completion of the miscellaneous items, the above said 10% withheld amount shall be released."

પુખ્ત વિચારણાને અંતે પ્રવર્તમાન ટેન્ડર ક્લોઝ નં ૧૭(બી) ના પેટા ક્લોઝ નં ૧૭(બી) (૩) માં નીચે મુજબ નો ફેરફાર કરવામાં આવે છે.

"2% of the amount eligible for the payment of bituminous items shall be withheld till the miscellaneous items like earthwork in embankment / cutting for side shoulders, side gutters, kilometre / indicator /guard stones, sign boards etc. are completed in all respect by the contractor. After completion of the miscellaneous items, the above said 2% withheld amount shall be released."

ઉપરોક્ત સુચનાનો અમલ હવે પછી મેળવવામાં આવનાર તમામ ટેન્ડરોના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સમાં કરવા આથી સુચના આપવામાં આવે છે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

64

કામના ટેન્ડર ફરીથી મંગાવવામાં આવે
ત્યારે રાખવાની થતી તકેદારી

ગુજરાત સરકાર
સુચના ક્રમાંક:- TNC-10-2015-01-C
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૧૫

સંદર્ભ:- ગુજરાત તકેદારી આયોગના તા.૨૩-૦૮-૨૦૧૦ ના પત્ર ક્ર. જીએમબી-૧૧૨૦૦૭-૨૫૧૧૫૩-ઈ

આમુખ:-

ગુજરાત તકેદારી આયોગના ધ્યાને આવેલ કિસ્સા મુજબ, પહેલાં ઈજારદાર પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ત્યાર પછી ઈજારદારે ટેન્ડરમાં બીનપોષણક્ષમ ભાવો ભર્યા હોવાથી, કામ નહીં કરી શકે તેવા કારણોસર ટેન્ડર રદ કરાયેલ હોય અથવા વેલીડીટી પીરીયડમાં ટેન્ડર સ્વીકારેલ હોઈ અને પુરતી તક મળ્યા છતાં ઈજારદારશ્રી સીક્યોરીટી ડીપોઝીટ ન ભરે, એટલેકે પીછેહઠ કરે ત્યારે, અને વાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુકામ અધુરા છોડે અને કરાર રદ થાય તો આવા સંજોગો માત્ર ઈજારદારશ્રીના જ કારણોસર ઉદભવ્યા ગણાય. આ સ્થિતિમાં કામના ટેન્ડર ફરીથી માંગવામાં આવે ત્યારે રદ કરાયેલ ટેન્ડર/કરારના સંબંધિત ઈજારદારશ્રી પુનઃ ટેન્ડર ભરી શકે છે, જે ભુલ કરનાર ટેન્ડર ભરનારની તરફદારી કરવા સમાન હોઈ ઈચ્છનીય નથી.

ઉપરોક્ત બાબત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આથી સુચના આપવામાં આવે છે અને આ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

સુચના :-

નીચે જણાવેલ કિસ્સાઓમાં. જો માત્ર ઇજારદારશ્રીના કારણોસર ટેન્ડર ફરીથી માંગવામાં આવે તો જે ઇજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવેલ હોય તે ઇજારદારશ્રી કોઈપણ પ્રકારે તે જ કામના પુનઃ માંગેલ ટેન્ડરમાં ભાગ લઇ શકશે નહી.

(૧) પ્રથમ માંગેલ ટેન્ડરમાં ઇજારદારશ્રી પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ઇજારદારશ્રી પાસેથી આ ભાવોનુ પૃથ્થકકરણ માંગવામા આવે અને જો ઇજારદારશ્રી તે જણાવેલ સમયમર્યાદામાં ન આપે અને તે ટેન્ડર બિનપોષણક્ષમ ભાવ ગણી રદ કરી ફરીથી માંગવામા આવે તે સંજોગોમાં.

(૨) પ્રથમ માગેલ ટેન્ડર તેની વેલિડિટી પીરિયડમાં સ્વીકારવામાં આવેલ હોય અને પુરતી તક આપવા છતાં ઇજારદારશ્રી સીક્યુરીટી ડીપોઝીટ ન ભરે અને કામમાંથી પીછેહઠ કરે તે સંજોગોમાં.

(૩) વાજબી કારણો વગર ઇજારદારશ્રી ચાલુ કામ અધુરૂ છોડે અને કરાર રદ થાય તે સંજોગોમાં.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.વો.)
માર્ગ અને મકાન વિભાગ

US(કોન્ટ્રા)
1 & 2

16

68

૧૨૧

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:- PRC-10-2015-55-(પ-1)-C
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮-૦૨-૨૦૧૬

વિષય:- રસ્તા કામોમાં આયાતી(ઈમ્પોર્ટેડ) ડામરના વપરાશ બાબત

સંદર્ભ:- (૧) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૩૭/૮/ઠ તા.૨/૯/૦૮

(૨) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૩૭/૮/ઠ તા ૮/૧૨/૦૮

(૩) મા.મ.વિભાગ ના પરિપત્ર ક્ર. પરચ/૧૦/૨૦૧૫/૫૫/સી તા ૪/૧૧/૧૫

:: પરિપત્ર ::

રસ્તાના કામોમાં આયાતી(ઇમ્પોર્ટેડ) ડામર વાપરવા અંગેની સૂચનાઓ સંદર્ભીત પરિપત્રોથી આપવામાં આવેલી છે. એ બાબત ધ્યાને આવેલ છે કે, મા.મ. વિભાગના જે કામોમાં ઇમ્પોર્ટેડ ડામર વાપરવામાં આવે છે તેમાં મા.મ. વિભાગના સંદર્ભીત પરિપત્રમાં દર્શાવ્યા અનુસારની સૂચનાઓનો ચુસ્તપણે અમલ થતો નથી અને આયાતી(ઇમ્પોર્ટેડ) ડામર વાપરવામાં આવે છે તેમાં હજુ પણ પેનીટ્રેશન ગ્રેડ ડામર હોવાની સંભાવના રહેલ છે. આથી ઇમ્પોર્ટેડ ડામર વાપરવા માટે ડામર જે રીફાઇનરીમાંથી ઇમ્પોર્ટ કરવામાં આવેલ છે તે વીસ્કોસીટી ગ્રેડનો છે તે મુજબનું રીફાઇનરીનું પ્રમાણપત્ર લેવું જરૂરી બને છે, તેમજ આયાત(ઇમ્પોર્ટ) કરવામાં/લાવવામાં આવેલ ડામરનું પરીક્ષણ લેબોરેટરી માં કરાવી ઇમ્પોર્ટેડ ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે તેની ખાતરી કર્યા બાદ જ વાપરવાનો રહેશે. જે ડામર રીફાઇનરીના સ્થાને અન્યત્ર અન્ય પધ્ધતિથી મોડીફાય કરીને વીસ્કોસીટી ગ્રેડનો દર્શાવવામાં આવેલ હોય તેવું પ્રમાણપત્ર માન્ય રાખવાનું રહેશે નહીં અને તેવો ડામર વાપરવાનો રહેશે નહિ. રીફાઇનરીમાંથી જ નિયત ગુણવત્તાની ચકાસણી કરેલ હોય તેવો ઇમ્પોર્ટેડ ડામર વાપરવાની વિભાગે પરવાનગી આપેલ છે, [illegible] ચુસ્તપણે અમલ થાય તેનું ધ્યાન રાખવા સર્વે અ.ઇ.શ્રી/કા.ઇ.શ્રી/ના.કા.ઇ.શ્રી [illegible] આથી જણાવવામાં આવે છે. જો આ બાબતે કોઇપણ પ્રકારની નિષ્કાળજી દાખવવામાં આવશે તો સંબંધિતો સામે શિસ્ત વિષયક પગલાં ભરવામાં આવશે તેની તમામને નોંધ લેવા આથી [illegible] કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના [illegible] ના હુકમથી અને તેમના નામે,

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

(67)

માર્ગ અને મકાન વિભાગના કામોમાં ડીફેકટ
લાયેબીલીટી પીરીયડમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીએનસી/૧૦/૨૦૧૬/કલોઝ-૧૭ એ/સુધારો/(૧)/ર
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૫/૨૦૧૬

સંદર્ભ:- માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ માંની જોગવાઇ

આમુખ:-

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ નો ઉપયોગ કરવામાં આવે છે. આ કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડ માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડની જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ઉપરોકત બાબતે પુખ્ત વિચારણાના અંતે માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ માંના ડીફેકટ લાયેબીલીટી પીરીયડ અંગેના કલોઝ-૧૭ એ માંની જોગવાઇઓમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| Clause | Existing Provision | Modified Provision |
|---|---|---|
| 17 A (b) | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be 6 months from the certified date of completion or one monsoon, whichever is later. | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be <u>12 months</u> from the certified date of completion or one monsoon, whichever is later. |
| 17 A (c) | For major projects costing more than Rs. 1 crore, period shall be 12 months from the certified date of completion which should include one monsoon | For major projects costing more than <u>Rs. 1 crore, (amount put to tender)</u>, period shall be <u>36 months (thirty six)</u> from the certified date of completion or three monsoons, whichever is later. |

ઉપરોકત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધમાં માનનીય મંત્રીશ્રી (મા.મ.)ની તા.૧૦/૦૫/૨૦૧૬ના રોજ મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના ઇસ્યુ તારીખથી ઉપરોકત સુધારેલ જોગવાઇઓનો તાત્કાલિક અસરથી... 

Inward No. 902
3 JUN 2016

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

**GUJARAT ENGINEERING RESEARCH INSTITUTE**
N W R & W S & Kalpsar and Road & Building Department, Government of Gujarat
Race Course, Vadodara - 390 007 (India), 0265 - 2330204 (P)
PBX : (0265) 2310413 / 14 / 15 Fax : (0265) 2324067 email : jdrgeri@ymail.com
Office: jdrpb@rediffmail.com

જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ૧૫૫ સને ૨૦૧૬ C/238 તા. ૦૯/૦૮/૨૦૧૬

પ્રતિ,
અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ સર્વે
પંચાયત અને ને.હા., પાટનગર યોજના અને શહેર (મા અને મ) વર્તુળ સહિત
(સામેલ યાદી મુજબ)

16 AUG 2016

વિષય : કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવા માલસામાનના પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવા બાબત.
વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ટેસ્ટીંગ ગેરીમાં કરાવવા બાબત.

સંદર્ભ : (૧) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા. ૦૩/૧૦/૨૦૧૨ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી
(૨) સરકારશ્રીના, માર્ગ અને મકાન વિભાગ ના પરિપત્ર ક્ર: પીઆરસી-૧૦-૨૧૫-૫૫(Pt.1)-સી, તા. ૦૮/૦૨/૨૦૧૬.
(૩) અત્રેની કચેરીના તા. ૦૫/૦૪/૨૦૧૬ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ૬૭/૨૦૧૬
(૪) અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.૦૩/૧૦/૨૦૧૨ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી થી માલસામાનના પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવામાં આવેલ છે. આ પરિપત્રના પેરા-૨૭ માં જણાવેલ નીચેની વિગતો પુન: અવલોકને લઇ યોગ્ય થવા વિનંતી છે.
પેરા-૨૭: કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમય મર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેમ ન હોય તો મંજુરી પાત્ર સંસ્થા/લેબોરેટરી પૈકી જે સંસ્થા/લેબોરેટરી NABL ACCREDITED હોય તેની પાસે ડીઝાઇન કરાવવા સંબધિત ક્ષેત્રના અધિક્ષક ઇજનેરશ્રી દવારા ગુણદોષના આધારે મંજુરી મેળવી ડીઝાઇન કરાવવાની રહેશે.

૧.૦ કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે.

૨.૦ સરકારશ્રીના પ્રવર્તમાન અભિગમ અને સુચનાઓ અંતર્ગત, રસ્તાના કામોમાં વિસ્કોસીટી ગ્રેડ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે. સંદર્ભ હેઠળના સરકારશ્રીના

તા.૦૮/૦૨/૨૦૧૬ના પરિપત્રથી થયેલ સુચના મુજબ ડામરનુ પરિક્ષણ ગેરીમાં કરાવી, ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે જેની ખાતરી કર્યા બાદ જ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે.

૩.૦ વિસ્કોસીટી ટેસ્ટ કરવા માટે વી.જી ગ્રેડ ના સાધનો હાલ અત્રેની કચેરી એટલે કે ગેરી, વડોદરા હસ્તકની તાબાની કચેરીઓ વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ગેરી લેબોરેટરીમાં ઉપલબ્ધ હોઇ વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના વિવિધ ફીઝીકલ ટેસ્ટ તેમજ બીટુમીન મીક્ષ ડીઝાઇન માટે સેમ્પલના જરૂરી મટીરીયલ તેમજ મટીરીયલના જરૂરી જથ્થાની વિગત નીચે દર્શાવવામાં આવેલ છે. તો આ અંગે ગેરી, વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ની લેબોરેટરીઓને ડામરના સેમ્પલ મોકલી આપવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા વિનંતી છે.

| અ.નં. | ટેસ્ટની વિગત | જરૂરી મટીરીયલ | જથ્થો |
|---|---|---|---|
| ૧. | વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ફીઝીકલ ટેસ્ટ | ડામર | ૫ કિ.ગ્રા. |
| ૨. | બીટુમીન મીક્ષ ડીઝાઇન | ડામર | ૧૫ કિ.ગ્રા. |
| | | કોર્સ એગ્રીગેટ | ૫ બેગ (૫૦ કિ.ગ્રા. પ્રતિ બેગ) |
| | | ફાઇન એગ્રીગેટ | ૫ બેગ (૫૦ કિ.ગ્રા. પ્રતિ બેગ) |
| | | સ્ટોન ડસ્ટ | ૧ બેગ ( ૫૦ કિ.ગ્રા.પ્રતિ બેગ) |

૪.૦ આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇનની કામગીરી પણ ગેરીમાં કરવામાં આવે છે.તેમ છતા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન માટે રસ્તાના એગ્રીગેટના ડામરના નમુનાઓ ગેરી લેબોરેટરી દ્વારા સ્વીકારવાની આનાકાની કરે કે અન્ય જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગેરીની કચેરીઓ જેમ કે વડોદરા ખાતે સંશોધન અધિકારીશ્રી માર્ગ સંશોધન વિભાગ-૧ અને સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ:૪, ગેરી, વડોદરા અને સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર, સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ, સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત, નો સંપર્ક કરવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા વિનંતી છે.

વધુમાં, અત્રેના ધ્યાન પર આવેલ છે કે માર્ગ અને મકાન વિભાગની કેટલીક ક્ષેત્રિય કચેરીઓ દ્વારા રસ્તાના એગ્રીગેટના નમુનાઓ સાઇટ પરથી લઇને ગેરી લેબોરેટરીમાં પરીક્ષણ માટે રજુ કરવામાં આવે છે. જેમા ઉકત નમુનાઓ કામની કઇ ટેન્ડર આઇટમ માટે

72

વાપરવાના છે તેમજ ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન તેમજ મીક્ષ ડીઝાઇન (કામની ટેન્ડર આઇટમ માટે જો મીક્ષ ડીઝાઇન કરાવેલ હોય તો) તે સ્પષ્ટ લખવામાં આવતુ ન હતુ. જેથી રસ્તાના એગ્રીગેટ્સના ઉકત નમુનાઓનુ ગેરી લેબોરેટરીમાં પરીક્ષણ કરતી વખતે વહીવટી રીતે કેટલીક વિસંગતા રહેતી હતી, જે ધ્યાને લઇને આ નમુનાઓ અંગે જે તે ટેન્ડર આઇટમ માટેના નમુનાઓ હોવાનુ પ્રસ્થાપિત કરતી ડેટા-શીટ તૈયાર કરીને, માર્ગ અને મકાન વિભાગની ક્ષેત્રિય કચેરીઓ માટે Ready reference તરીકે અત્રેની કચેરીના તા.૧૮/૦૭/૨૦૧૬ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬થી આપ સૌને મોકલી આપવામાં આવેલ છે. અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬ના પત્ર સાથેની ડેટા-શીટ સાથે ક્ષેત્રિય કચેરીઓ દ્વારા ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન તેમજ મીક્ષ ડીઝાઇન (કામની ટેન્ડર આઇટમ માટે જો મીક્ષ ડીઝાઇન કરાવેલ હોય તો નકલ રજુ કરવી) રજુ કરવાની થાય છે. અન્યથા આ અંગે સૌપ્રથમ ટેન્ડર આઇટમની મીક્ષ ડીઝાઇન ગેરી લેબોરેટરીમાં કરવાની થાય છે, તે ડેટા-શીટમાં સ્પષ્ટ લખીને પરીક્ષણ માટે નમુનાઓ રજુ કરવા ક્ષેત્રિય કચેરીઓને જરૂરી સુચના આપવા વિનંતી છે.

(પ્રતાપસિંહ. નલવાયા)
સંયુકત નિયામક (રસ્તા)
ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા
વડોદરા

નકલ સાદર રવાના:

(૧) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગેરી, વડોદરા તરફ જાણ સારૂ.
(૨) મુખ્ય ઇજનેર (મા અને મ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) મુખ્ય ઇજનેર ( ને.હા. )અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) મુખ્ય ઇજનેર (ગુણવતા નિયમન) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) મુખ્ય ઇજનેર (પાટનગર યોજના) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના :

(૧)સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૧, ગેરી, વડોદરા
(૨)સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૪, ગેરી, વડોદરા
(૩)સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર,
(૪) સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ,
(૫)સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત,

73

જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૯-૨૦૧૬

વંચાણે લીધા:- (૧) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

પરિપત્ર :-

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાક્ટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(સ.ર.)
માર્ગ અને મકાન

નકલ રવાના :-

(૧) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૨) મા.સ.ક..મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૩) મુ.ઇ.(મા.મ.) અને અ.સ.શ્રી; મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુ.ઇ.(પંચા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુ.ઇ.(ને.હા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુ.ઇ.(પા.યો.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

(૯) મુ.ઇ.શ્રી (પી એન્ડ પી), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ.) વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અ.ઇ.શ્રીઓ (મા.મ.) વર્તુળ, પેટા/ મા.મ.વર્તુળ/ ને.હા.વર્તુળ/ એક્સપ્રેસ -વે - વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

(૧૨) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપર્યુક્ત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત)

(૧૪) સર્વે પ્રોજેક્ટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેક્ટ ફાઇલ સી - શાખા, ૨૦૧૬

# GUJARAT ENGINEERING RESEARCH INSTITUTE

N W R & W S & Kalpsar and Road & Building Department, Government of Gujarat
Race Course, Vadodara - 390 007 (India), 0265 - 2330204 ( P )
PBX : ( 0265 ) 2313413 / 14 / 15 Fax : ( 0265 ) 2324067 email : jdrgeri@ymail.com
Office: jdrpb@rediffmail.com


તાત્કાલિક- ઘણું જ જરૂરી

જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ૨૬૬ સને ૨૦૧૬ તા.૨૨/૧૨/૨૦૧૬

પ્રતિ,

(૧) સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૧, ગેરી, વડોદરા.
(૨) સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ:૪, ગેરી, વડોદરા.
(૩) સંશોધન અધિકારીશ્રી, વસ્તુ પરીક્ષણ વિભાગ, ગેરી, વડોદરા.
(૪) સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર.
(૫) સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ.
(૬) સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત.

વિષય : કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવા બાબત. અને વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ટેસ્ટીંગ ગેરીમાં કરાવવા બાબત.

સંદર્ભ :
(૧) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા. ૦૩/૧૦/૨૦૧૨ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી.
(૨) સરકારશ્રીના, માર્ગ અને મકાન વિભાગ ના પરિપત્ર ક્ર: પીઆરસી-૧૦-૨૧૫-૫૫(PL1)- સી, તા. ૦૮/૦૨/૨૦૧૬.
(૩) અત્રેની કચેરીના તા. ૦૫/૦૪/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) / પીબી / ૬૭ /૨૦૧૬.
(૪) અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) /પીબી /ટેસ્ટીંગ /૧૪૦/૨૦૧૬.
(૫) અત્રેની કચેરીના તા. ૦૯/૦૮/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) / પીબી / ટેસ્ટીંગ /૧૫૫/૨૦૧૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે. સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગની તા.૦૩/૧૦/૨૦૧૨ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી થી માલસામાનના

પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવામાં આવેલ છે. આ પરિપત્રના પેરા-૨૭ માં જણાવેલ નીચેની વિગતો પુન: અવલોકને લઇ યોગ્ય થવા વિનંતી છે.

પેરા-૨૭: કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમય મર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેમ ન હોય તો મંજુરી પાત્ર સંસ્થા/લેબોરેટરી પૈકી જે સંસ્થા/લેબોરેટરી NABL ACCREDITED હોય તેની પાસે ડીઝાઇન કરાવવા સંબધિત કામનાં અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા ગુણદોષના આધારે મંજુરી મેળવી ડીઝાઇન કરાવવાની રહેશે.

૧.૦ કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે.

૨.૦ સરકારશ્રીના પ્રવર્તમાન અભિગમ અને સુચનાઓ અંતર્ગત, રસ્તાના કામોમાં વિસ્કોસીટી ગ્રેડ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે. સંદર્ભ હેઠળના સરકારશ્રીના તા.૦૮/૦૨/૨૦૧૬ નાપરિપત્ર થી થયેલ સુચના મુજબ ડામરનુ પરિક્ષણ ગેરીમાં કરાવી, ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે જેની ખાતરી કર્યા બાદ જ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે.

૩.૦ વિસ્કોસીટી ટેસ્ટ કરવા માટે વી.જી ગ્રેડ ના સાધનો હાલ અત્રેની કચેરી એટલે કે ગેરી, વડોદરા હસ્તકની તાબાની કચેરીઓ વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ગેરી લેબોરેટરીમાં ઉપલબ્ધ હોવા અને આ અંગે ગેરી, વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ની લેબોરેટરીઓને ડામરના સેમ્પલ મોકલી આપવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬. જા.નં: સંનિ (રસ્તા) / પીબી ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬ થી અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,સર્વેને વિનંતી કરવામાં આવેલ.

૪.૦ વધુમાં અત્રેના ધ્યાન પર આવેલ છે કે કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં નહી કરાવવા માટે ગેરીના નીચલા સ્ટાફ પાસેથી માર્ગ અને મકાન વિભાગની કેટલીક ક્ષેત્રિય કચેરીઓના સ્ટાફ દ્વારા કેટલીક વિગતો જેમ કે "કામનુ ભારણ હોઈ હાલ મીક્ષ ડીઝાઇનની કામગીરી શક્ય નથી" તેવી વિગતો પરબારે મેળવી જાય છે. જે યોગ્ય નથી.

ઉક્ત વિગતો ધ્યાને લઈ, હવે પછી મીક્ષ ડીઝાઇનની કામગીરી માટે સંશોધન અધિકારીશ્રીની મંજુરી મેળવ્યા વગર મદદનીશ સંશોધન અધિકારીશ્રીઓ દ્વારા કોઇપણ પ્રકારનુ લખાણ નહી આપવા સખ્ત સૂચના આપવામાં આવે છે. તેમ છતાં જો સૂચનાનું પાલન કરવામાં નહી આવે તો મદદનીશ સંશોધન અધિકારીશ્રી અને સ્ટાફ ની જવાબદારી

નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે સર્વે મદદનીશ સંશોધન અધિકારીશ્રી અને સ્ટાફને નામજોગ જણાવવા સૂચના છે.

(પ્રતાપસિંહ નલવાયા)
સંયુકત નિયામક (રસ્તા)
ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા
વડોદરા

નકલ સાદર રવાના:

(૧) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગેરી, વડોદરા તરફ જાણ સારૂ.

(૨) મુખ્ય ઇજનેર (મા અને મ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૩) મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુખ્ય ઇજનેર ( ને.હા. )અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુખ્ય ઇજનેર (ગુણવતા નિયમન) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુખ્ય ઇજનેર (પાટનગર યોજના) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ સર્વે પંચાયત અને ને.હા., પાટનગર યોજના અને શહેર (મા અને મ) વર્તુળ સહિત (સામેલ યાદી મુજબ)

**આપ સૌ અધીક્ષક ઇજનેરશ્રીઓને નીચેની વિગતે વિનંતી કરવામાં આવે છે.**

(10)

(અ) કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની અને આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે. તેમ છતા મીક્ષ ડીઝાઇન માટે એગ્રીગેટ્ના કે ડામરના નમુનાઓ ગેરી લેબોરેટરી દ્વારા સ્વીકારવામાં નહી આવે કે અન્ય જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે તો સંબધિત સંશોધન અધિકારીશ્રીઓનો ફોનથી સંપર્ક કરવા અને અત્રેની કચેરીને ઈ-મેઈલ કે ફેક્સ થી જણાવવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા પુનઃ વિનંતી છે.

(બ) અત્રેની કચેરીના તા.૧૮/૦૭/૨૦૧૬ના પત્ર સાથેની ડેટા-શીટ મુજબ ક્ષેત્રિય કચેરીઓ દ્વારા ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન સાથે પરીક્ષણ માટે નમુનાઓ રજુ કરવા ક્ષેત્રિય કચેરીઓને જરૂરી સુચના આપવા પુનઃ વિનંતી છે.

મકાનો તથા પુલોના આર.સી.સી. કામોમાં લોખંડના સળીયાના માપો લખવા તથા ચુકવણામાં લેપ લેન્થ ની લબાઈ ગણતરીમાં નહીં લવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- PDW-10-2017-01-C
તા.૧૫-૦૨-૨૦૧૭

<u>પરિપત્ર:-</u>

મકાન, રસ્તા અને પુલોના કામોમાં આર.સી.સી આઇટમોમાં સમાવિષ્ટ સ્ટીલ રેઇનફોર્સમેન્ટના માપો લખવા અને ચૂકવણા દરમ્યાન લેપની લંબાઇ ગણતરીમાં લેવામાં આવે છે. રેઇનફોર્સમેન્ટમાં લેપની વધુ સંખ્યાને પ્રોત્સાહન ન આપતા સળંગ રેઇનફોર્સમેન્ટ (સળીયા) જ મહદઅંશે વપરાય એ તાંત્રિક રીતે વધુ યોગ્ય છે.

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ રેઇનફોર્સ (સળીયા)ના ચૂકવણામાં લેપની લંબાઇના માપો ગણતરીમાં લેવામાં આવતા નથી. (Section 1608)

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ માર્ગ અને મકાન વિભાગ હેઠળ મકાન, રસ્તા અને પુલના રેઇનફોર્સ (સળીયા)ના સ્પેશીફીકેશનમાં Mode of Measurement & Payment માં હવે પછી નીચે મુજબના ફેરફાર કરવા આથી સુચના આપવામાં આવે છે.

| <u>EXISTING ITEM</u> | <u>PROPOSED AMENDMENT</u> (As per MORT&H Specification Item No.1608) |
|---|---|
| <u>મકાનના સ્પેશીફીકેશન</u><br>**5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level. | <u>મકાનના સ્પેશીફીકેશન</u><br>**5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level. |
| **5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level. | **5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level. |
| 3.2 Reinforcement shall be measured in length including overlaps, separately for different diameters as actually used in the work. Where welding or coupling is resorted to in place lap joints, such | *3.2 Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so* |

(2)

| | |
|---|---|
| joints shall be measured for payment as equivalent length of overlap , as per design requirement. From the length so measured, the weight of reinforcement shall be calculated in tones on the same basis of as per M-18 even though steel is supplied to the contractor by the department on actual weight. Length shall include hooks at the ends Wastage and annealed steel wire for binding shall not be measured and the cost of these items shall be deemed to be included in the rate for reinforcement. | *measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded Joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.* |
| **EXISTING ITEM** | **PROPOSED AMENDMENT**<br>**(As per MORT&H Specification Item No.1608)** |
| રસ્તાના સ્પેશીફીકેશન<br>Item No. 39 : Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>(10) Reinforcement shall be measured in length separately for different diameters as actually used in the work, from the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS : 1732 even though steel is suppled to the contractor by the Department on actual wieghment. Length shall ilcude hooks at ends. Wastege and annealed steel wire for binding shall not be measured and cost of thes items shall be deemed to be | રસ્તાના સ્પેશીફીકેશન<br>Item No. 39 : Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>*(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded Joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or* |

(81)

③

| | |
|---|---|
| included in the rates for reinforcement. | *other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.* |
